# GHCL Limited

**April 20, 2023**

**वैशाख -कृष्णपक्ष - अमावस्या**
**विक्रम सम्वत २०८०**

**National Stock Exchange of India Limited**
"Exchange Plaza"
Bandra – Kurla Complex,
Bandra (E), Mumbai – 400 051
**NSE Code: GHCL**

**BSE Limited**
Corporate Relationship Department,
1st Floor, New Trading Ring, Rotunda Building,
P.J. Towers,
Dalal Street, Fort, Mumbai – 400 001
**BSE Code: 500171**

Dear Sir/Madam,

**Press Release - GHCL Foundation strives for intellectual and social development of students through various educational activities.**

**Subject: Disclosure of Material Event / Information under Regulation 30 of SEBI (LODR) Regulations, 2015**

We would like to inform that GHCL Foundation strives for intellectual and social development of students through various educational activities.

In this regard, please find enclosed herewith copy of the Press Release (in Gujarati) issued by the Company for your reference and record.

Please note that copy of this intimation is also available on the website of BSE Limited *(www.bseindia.com/corporates)*, National Stock Exchange of India Limited *(www.nseindia.com/corporates)* and website of the Company *(www.ghcl.co.in )*.

You are requested to kindly take note of the same.

Thanking you

Yours truly

**For GHCL Limited**

**Bhuwneshwar Mishra**
**Sr. GM - Sustainability & Company Secretary**
(Membership No.: FCS 5330)

B- 38, GHCL House, Institutional Area, Sector- 1, Noida, (U.P.) - 201301, India. Ph. : +91-120-2535335, 4939900, Fax : +91-120-2535209
CIN : L24100GJ1983PLC006513, E-mail : ghclinfo@ghcl.co.in , Website : www.ghcl.co.in

Regd. Office : GHCL House, Opp. Punjabi Hall, Near Navrangpura Bus Stand, Navrangpura, Ahmedabad, Gujarat - 380009, India

# જી.એચ.સી.એલ. ફાઉન્ડેશ દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃતિ સાથે વિદ્યાર્થીઓનો બૌદ્ધિક અને સામાજિક વિકાસનો પ્રયાસ

* કચ્છના માંડવી તાલુકામાં સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા સાથે હાથ મિલાવીને 'વિદ્યા-જ્યોત' પ્રોજેક્ટ ચાલાવામાં આવી રહ્યો છે

*14 ગામની 19 આંગણવાડી અને 14 પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો

વિદ્યાર્થીઓને શીખવા અને શીખવાડવા માટેનો આ છે નવતર પ્રયોગ. શાળાઓને વિદ્યાર્થીઓથી જીવંત બનાવવા માટે આ છે નવતર પ્રયોગ. કચ્છના માંડવી તાલુકામાં આવેલી આંગણવાડીઓમાં બાળકોની સંખ્યામાં વધારો થાય તે માટે જીએચસીએલ ફાઉન્ડેશને આર્થિક સહયોગ કરી સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા સાથે હાથ મિલાવીને 'વિદ્યા-જ્યોત' પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ આંતરિયાળ ગામની આંગણવાડી અને પ્રાથમિક શાળામાં આવતા વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે અને તેઓને નિયમિત શાળાએ આવતા કરવાનો છે.

જીએચસીએલ ફાઉન્ડેશનના આ વિદ્યા-જ્યોત પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ તેની સાથે સાથે તેમનો માનસિક, બૌદ્ધિક અને સામજિક વિકાસ થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે. વિદ્યા-જ્યોત પ્રોજેક્ટ અંતર્ગત 14 ગામની 19 આંગણવાડી અને 14 પ્રાથમિક શાળાનાં બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આંગણવાડીમાં આવતાં આ બાળકોને વિવિધ પ્રવૃતિઓ, રમત-ગમત, બાળગીતો, અભિનયગીત, વાર્તા, સર્જનાત્મક પ્રવૃતિઓ દ્વારા રમત રમાડીને અભ્યાસ કરાવવામાં આવે છે.

માર ડૂબકી આ દરિયામાં તરી જઈશ તો થાશે બેડો પાર, નહીં તો તરી આવીશ કિનારે, એવો આધુનિકતાનો લાગ્યો છે રંગ કે ક, ખ, ગ ની સાથે હવે એ, બી, સી, પણ રહે છે યાદ. હવે વિચાર આવશે કે, અભ્યાસમાં આ બધી પ્રવૃતિઓ શા માટે? તો તેની પાછળનું કારણ છે કે, જ્યારે બાળકને કોઈ વાર્તા સંભળાવવામાં આવે ત્યારે તે વાર્તામાં આવતાં પાત્રો, સ્થિતિ, ઘટનાઓ સારી રીતે સમજી શકે, તે માટે તે પાત્રોના ફોટોગ્રાફ, વીડિયો કે પછી કોઈ નાટક દ્વારા બાળક સમક્ષ તેની રજૂઆત કરવામાં આવે છે, જેનાથી બાળક વાર્તાના તે પાત્રને સારી રીતે સમજી અને જોડાઈ શકે. તેનો ફાયદો એ થાય છે કે, જ્યારે પણ બાળકને તે વાર્તાનું પાત્ર સામે દેખાય ત્યારે આખી વાર્તા તે મનમાં આપમેળે સ્મૃતિ કરી શકે છે. આ

રીતે આ બાળકોનો બૌદ્ધિક અને માનસિક વિકાસ કરવા માટે આ ખાસ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

વિદ્યા-જ્યોત પ્રોજેક્ટમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવામાં આવે છે અને તેની સાથે વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેતાં બાળકોને ઈનામ પણ આપવામાં આવે છે. આ ઈનામ આપવાથી અન્ય બાળકો પણ આંગણવાડી અને શાળામાં ચાલતી વિવિધ પ્રવૃતિમાં ભાગ લેવા માટે પ્રેરાય છે. જીએચસીએલ અને સ્વદીપ સંસ્થાના આ વિદ્યા-જ્યોત પ્રોજેક્ટની સફળતા એ છે કે, હવે આંગણવાડીમાં આવતાં બાળકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

આંગણવાડીમાં બાળકો આવે, પરંતુ જો તેમને યોગ્ય રીતે શિક્ષણ ન મળે તો તે રાબેતા મુજબ આવશે નહીં, જેથી આ પ્રોજેક્ટ અંતર્ગત માત્ર બાળકો જ નહીં, પરંતુ આંગણવાડી કાર્યકર બહેનો અને હેલ્પર બહેનોને પણ તાલીમ આપવામાં આવે છે. આ બહેનોને બાળકને શિક્ષણ કેવી રીતે આપવું, તેમની સાથે કેવી રીતે વાત કરવી, તેમને કેવી રીતે સમજાવવા વગેરે શીખવવામાં આવે છે. આ સાથે જી.એચ.સી.એલ. ફાઉન્ડેશ તરફથી આંગણવાડીઓમાં રમકડાં, વાર્તાઓના ચાર્ટ, અભ્યાસમાં ઉપયોગી વિવિધ કિટ પણ આપવામાં આવે છે.

**વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન**

ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શહેરનું વાતાવરણ અને બહારના લોકો સાથે સંવાદ કરી શકે તે માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન પણ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા આંગણવાડીનાં બાળકો, કાર્યકરો, વાલીઓને અમદાવાદ-ગાંધીનગરનો બે દિવસનો પ્રવાસ પણ કરાવવામાં આવ્યો હતો, જેમાં ત્રિ-મંદિર, ઈશાવસ્યમ્ (પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન-સુઘડ), અક્ષરધામ, વૈષ્ણોદેવી મંદિર, કાંકરિયા તળાવ, લાલ દરવાજા વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લેનારા તમામ લોકોને ખૂબ મજા પડી હતી.

બાળકનો પાયો મજબૂત એટલો તે વધારે હોશિયાર બને છે. તેને ધ્યાન માં રાખી સંસ્થા દ્વારા માત્ર આંગણવાડી જ નહીં, પરંતુ પ્રાથમિક શાળાઓ ઉપર પણ એટલું જ ધ્યાન કેન્દ્રિત કરી આ વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ ને વધુ શિક્ષિત થાય તે હેતુ સાથે આ પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે અન્ય ક્ષેત્રમાં પણ વિકાસ થાય તે પણ એટલું જ જરૂરી હોવાથી સંસ્થા દ્વારા આ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ અને સંગીતનાં સાધનોનું પણ વિતરણ કરવામાં આવે છે.

### ધો. 6, 7, 8ના વિદ્યાર્થીઓ માટે મોજીલું શિક્ષણ પદ્ધતિ

આપણે સૌ જાણીએ છીએ કે, દરેક બાળકની ગ્રહણ કરવાની શક્તિ અલગ અલગ હોય છે, એટલે કે દરેક બાળક એક સરખું હોશિયાર હોતું નથી, જે અંતર્ગત ધો. 6, 7, 8ના વિદ્યાર્થીઓને અઘરા લાગતા વિષયો જેવા કે અંગ્રેજી, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન માટે સંસ્થાએ આવા ગમ્મત સાથે જ્ઞાન મળી રહે તે માટે મોજીલું શિક્ષણ આપવાની શરૂઆત કરી છે, જેમાં તેમને જે તે વિષયને લગતી જુદી-જુદી પ્રવૃતિઓ કરીને શિક્ષણ આપવામાં આવે છે, જેનાથી તેઓ ખૂબ જ ઝડપથી સમજીને શીખી શકે છે.

### હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓને અપેક્ષિતો અને ડિક્શનરી જેવા જરૂરી પુસ્તકોની મદદ

માંડવી તાલુકાની 4 હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું પણ શિક્ષણનું સ્તર સુધરે અને તેઓ પણ અભ્યાસમાં આગળ વધી શકે તે માટે પણ જીએચસીએલ ફાઉન્ડેશન હંમેશાં બનતી તમામ મદદ કરે છે. ધો. 10 અને 12ના 200થી વધુ વિદ્યાર્થીઓને અપેક્ષિતો અને અન્ય જરૂરી પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે, જેની મદદથી આ શાળાઓના વિદ્યાર્થીઓનું પરિણામ જે પહેલાં 60થી 70 ટકા આવતું હતું, તે વધીને હવે 80 ટકા સુધી પહોંચ્યું છે. આ સાથે વિદ્યાર્થીઓ અંગ્રેજી સારું ભણી શકે તે માટે તેમને ડિક્શનરી પણ પૂરી પાડવામાં આવે છે.




વર્કર તાલીમ
GHCL ફાઉન્ડેશન ટ્રસ્ટ, માંડવી



